# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

## વિભાગીય કચેરી, સાવરકુંડલા

**Hiring of Vehicle Mahindra Bolero Camper or Equivalent (Hydraulic Elevated Platform with FRP Bucket) (ડીઝલ/પેટ્રોલસંચાલીત) ભાડે રાખવા અંગે સામાન્ય શરતો નીચે મુજબ છે, જે માટે વાહન ભાડે આપનાર ઠેકેદારે કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વિ.કું.લી,.,વિભાગીય કચેરી, સાવરકુંડલા ની સાથે કરાર કરવાનો રહેશે.**

૧) વાહન જેને ફાળવવામાં આવેલ હોય તે અધિકારી ધ્વારા જયારે જયારે વાહન મંગાવવામાં આવે ત્યારે આપવાનુ રહેશે, વાહન દરરોજ ઉપયોગમા લેવાનુ છે.ઉપરાંત એક કરતા વધારે વાહ્ન ની જરૂરિયાત ઉભી થાય ત્યારે તેવા સંજોગોમાં વધારાનું વાહ્ન આપવાનું રહ્શે.

૨) વાહન આર.ટી.ઓ.ના નિયમ અનુસાર ઓન રોડ હોવુ જરુરી છે તથા તેને લગતા તમામ ટેક્ષ,ઈન્સ્યુરન્સ વગેરે ભરપાઈ થયેલ હોવા જોઈએ, તથા નિર્ધારીત સમયે ભરપાઈ કરવાના રહેશે. તથા વ્હીકલ ની બાહ્ય અને આંતરીક કંડીશન, ટયુબ, ટાયર એન્જીન વગેરેની સ્થીતી સારી હોવી જોઈએ તથા વ્હીકલ ટેન્ડર ખોલવાની તારીખથી **૨(બે)વર્ષ** થી વધુ જુનું ના હોવુ જોઈએ.

૩) અકસ્માત દરમ્યાન જાનમાલની તથા તમામ પ્રકારની વધારાની જવાબદારી કોન્ટ્રાકટરના શીરે રહેશે. વાહનનો તથા પેસેન્જરનો સંપુર્ણ વીમો હોવો જરુરી છે.

૪) ભાડે રાખેલ વાહનને લગતા કોઈપણ ખર્ચ તેમજ તે અંગેના મરામત ખર્ચની તમામ જવાબદારી ઠેકેદારના શીરે રહેશે, વાહનની સ્થિતિ આ ઓફીસના સંતોષ મુજબની હોવી જરુરી છે.

૫) વાહન માટે આર.ટી.ઓ. માન્ય ટેક્ષી પાસીગ જરૂરી છે, અન્યથા આ અંગેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરના શીરે રહેશે.

૬) વાહન અમારા અધિકૃત ઓફીસરની સુચના અનુસાર જે તે જગ્યાએ લઈ જવાનું રહેશે, તથા તે પ્રમાણે રોકાણ કરવાનુ રહેશે.

૭) ભાડે રાખેલ વાહન સાથે કંપનીના નિયમ અનુસાર કી.મી.તથા કામગીરી અંગેની લોગબુક ફરજીયાતપણે રાખવાની રહેશે જે ઠેકેદારના બીલની ચુકવણી માટે અધિકૃત રેકર્ડ ગણાશે. દરરોજ મુસાફરી પૂર્ણ થયા બાદ લોગબુકમાં મુસાફરી કરનાર અધિકૃત અધિકારીની સહી લેવાની રહેશે.

૮) ઠેકેદારે તેનુ ભાડાનુ બીલ પ્રત્યેક માસે ત્રણ નકલમાં જરૂરી વિગતો સાથે આપવાનુ રહેશે, જેનુ પેમેન્ટ બીલ આપ્યા પછી ત્રીસ દિવસની અંદર શકય હશે તો કરવામાં આવશે, ધારા ધોરણ મુજબ ઈન્કમટેક્ષ કાપવામાં આવશે.

૯) કરારની મુદત દરમ્યાન જો કચેરીને કંપની તરફથી અન્ય વાહન ફાળવવામાં આવશે અથવા અન્ય કોઈ સંજોગોવશાત જરૂર પડશે તો તાત્કાલીક ધોરણે નોટીસ આપી કરાર રદ કરવાની સતા કચેરીને રહેશે.

૧૦) ડીઝલ તથા ડ્રાઈવરનો નિભાવ ખર્ચ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે.

૧૧) ઠેકેદારનુ વાહન જે તે દિવસે કામ પર નહી આવે અથવા બ્રેક ડાઉનના લીધે અથવા અકસ્માતના કારણસર અને આકસ્મિક સંજોગોમાં અવેજીમાં વાહન પુરુ પાડેલ ન હોય તો તે દિવસનુ પેમેન્ટ આપવામાં આવશે નહી અને તે દિવસનુ ભાડુ કાપી લેવામાં આવશે અને જે તે દિવસે કંપની તેની અવેજીમાં અન્ય વાહન ભાડે કરે તો ભાડે કરવામાં આવેલ વાહનના ચાર્જ મુજબની રકમ બીલમાંથી કાપી લેવામાં આવશે.

૧૨) ઠેકેદારને તેનુ બીલ માઈલોમીટર મુજબના કી.મી. મુજબ આપવામાં આવશે, જો તે કોઈપણ સંજોગોમાં મીટર બંધ રહેશે અથવા અયોગ્ય રીતે ફરતુ જણાશે તો તે કી.મી.ની ગણતરી જે તે અધિકારી ધ્વારા પ્રમાણીત કર્યા મુજબ ગણવામાં આવશે.

૧૩) ઠેકેદારના વાહનને કોઈપણ પ્રકારનો અકસ્માત થશે તો તેના વળતરની જવાબદારી ઠેકેદારની રહેશે, તેમજ અકસ્માત દરમ્યાન તેમાં બેઠેલા અધિકારી / કર્મચારીને થયેલ નુકશાનના વળતરની જવાબદારી પણ ઠેકેદારની રહેશે.

૧૪) ઉપરોકત કોઈપણ શરતો અંગે જો વાંધો અથવા મતભેદ જણાશે તો તે અંગેનો નિર્ણય લેવાની સતા નીચે સહી કરનાર અધિકારીની રહેશે.

૧૫) આ ઓર્ડરની અવધી દરમ્યાન કોઈપણ વાંધા માટે કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, સાવરકુંડલા નો નિર્ણય આખરી અને કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

૧૬) ઉપરોકત કોઈપણ શરતોનો ભંગ થતો જણાશે તો કોઈપણ કારણ આપ્યા સિવાય ઓર્ડર રદ કરવાની સતા નીચે સહી કરનાર અધિકારીની રહેશે.

૧૭) સદર વાહનને ખેતીવાડી વિસ્તારમાં લઈ જવાનુ પણ થતુ હોઈ, વાહન રફ રસ્તા પર પણ અધિકૃત અધિકારીની સુચના મુજબ ચલાવવાનુ રહેશે.

૧૮)પીજીવીસીએલ કોર્પોરેટ કચેરી રાજકોટના સરકયુલર નં. પીજીવીસીએલ/જીઆરસેલ/વ્હીકલ/૧૮/૫૦૧૭, તા.૨–૭–૨૦૧૮ મુજબ જો ફયુલના બેઝીક ભાવ ( વર્ક ઓર્ડર ઈસ્યુ કરેલ તારીખના દિવસે રહેલ ફયુલના ભાવ ને બેઝીક

ભાવ તરીકે ગણવામાં આવશે.) કરતાં ભાવ માં વધારો/ઘટાડો થાય તો પ્રતિ કી.મી. ઉપર થતી તફાવતની કુલ રકમના ૮% રકમ ચુકવવા પાત્ર થશે.

૧૯) ફયુઅલના ભાવના તફાવતની ગણતરી માટે મહીનાના શરુઆતના પહેલા દિવસે રહેલ ફયુઅલના ભાવને એકચ્યુઅલ ભાવ તરીકે ગણવામાં આવશે.

૨૦) દરેક વ્હીકલમાં વ્હીકલ ટ્રેકીંગ સિસ્ટમ **(જીપીએસ)** લગાવવી ફરજીયાત છે તથા તેનો ખર્ચ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે. વ્હીકલમાં વ્હીકલ ટ્રેકીંગ સિસ્ટમ (જીપીએસ) નો રનીગ ખર્ચ દર મહીને સબમીટ કરવામાં આવેલ બીલમાં આપવામાં આવશે જેના માટેના પુરાવાઓ બીલ સાથે સબમીટ કરવાના રહેશે.

૨૧) કામ સબબ બહારગામ જવાનુ થાય ત્યારે રાત્રિ રોકાણ માટે કોઈ વધારાનો ચાર્જ ચુકવવામાં આવશે નહી.

૨૨)૩૦૦૦ કી.મી. કરતા વધારાના કી.મી.ની મુસાફરી માટે વ્હીકલના ઓફીસર ઈન્ચાર્જ તેમજ વિભાગીય કચેરીના વડાની લેખીત/મૌખિક મંજુરી લેવાની રહેશે.

૨૩) રોડ/ બ્રીજ ટોલ ટેક્ષની પાવતી માસીક બીલ સાથે રજુ કર્યાથી રીમ્બર્સમેન્ટ આપવામાં આવશે.

૨૪) ઠેકેદાર ધ્વારા ભાડે મુકવામાં આવેલ વાહનમાં ટયુબ, ટાયર, એન્જીન તેમજ વાહનની બહારની સાઈડની બોડી સંપુર્ણ રીતે વ્યવસ્થિત હોવી જોઈએ.

૨૫) ઠેકેદાર ધ્વારા નિયુકત કરવામાં આવેલ **ડ્રાઇવર ની ઉંમર ૪૦ વર્ષથી ઓછી અને કોઇ પણ સંજોગોમા ૫૫ વર્ષ થી વધુ ન હોવી જોઇએ** તેમજ તેમનુ લોજીંગ અને બોર્ડીગ ખર્ચની જવાબદારી ઠેકેદારની રહેશે.

૨૬) કોન્ટ્રાકટર જી.એસ.ટી. નં. તથા પાન નં. ધરાવતા હોવા જોઈએ.

૨૭) ઓર્ડરની મુદત 2 વર્ષ અથવા રકમ પુર્ણ થતા સુધી બે માંથી વહેલુ હોય તે રહેશે.

૨૮) ઈમરજન્સી ઉપયોગ માટે કયાં વ્યકિતનો સંપર્ક સાધવો અને કયા ફોન નંબર ઉપર સંપર્ક સાધવો તે ઈન્ચાર્જ એન્જીનીયરને જણાવવુ જરુરી છે.

૨૯)**"જો કોઈ પાર્ટી કોઈ ફોજદારી ગુન્હામાં દોષી હશે/સંડોવાયેલ હશે અથવા તેની સામે પીજીવીસીએલ ધ્વારા કોઈ દિવાની કેસ ચાલતો હશે/તેમાં સંડોવાયેલ હશે અથવા પાર્ટી ધ્વારા પીજીવીસીએલ સામે કોઈ દિવાની કેસ કરવામાં આવેલ હશે/તેમાં સંડોવાયેલ હશે તો પાર્ટી સદર ટેન્ડર/લીમીટેડ ઈન્કવાયરીમાં ભાગ લઈ શકશે નહી. "સદર ટેન્ડરમાં ભાગ લેનાર દરેક પાર્ટીઓએ, ઉપરોકત કોઈ બાબતમાં સંડોવાયેલ નથી તે બાબતનુ સ્વપ્રમાણિત નોટરાઈઝડ ડીકલેરેશન ટેકનીકલ બીડ સાથે મોકલવાનુ રહેશે.**

૩૦) પીજીવીસીએલ સરક્યુલર નં:.પીજીવીસીએલ/જીઆરસેલ/વેહિકલ/**24/AM-1/2832** તા:**05.10.2024** મુજબ આ ઓર્ડર માટે ડીઝલ નો મૂળભૂત ભાવ રૂ. **૯૧.૯૫** પ્રતિ લીટર રહેશે. અને પેટ્રોલ નો મૂળભૂત ભાવ રૂ.૯૪.૨૨/લીટર રહશે. આ ભાવથી ભવિષ્યમાં થનાર વધારા કે ઘટાડાનો જે તફાવત હશે તેના ૮% કોન્ટ્રાક્ટરને ચૂકવવા/વસુલ કરવા પત્ર થશે. આ માટે દરેક મહિનાનો પહેલી તારીખનો ડીઝલનો ભાવ તફાવત માટે ધ્યાનમાં લેવાનો રહેશે. તેમજ ઉપરોક્ત મુજબના પરિપત્ર ની તમામ શરતો બંધનકર્તા રહશે.

૩૧) વાહન ટાવર લેડર હોય તો તે ટાવરલોડર સારી કવોલીટી નો એલ્યુમીનીયમ અથવા સ્ટીલ જેની ઉંચાઈ જમીન થી ૯ (નવ) મીટર હોવી જોઈએ જેનો સરળતા થી ઉપયોગ થઈ શકે.

૩૨) દરેક વ્હીકલમાં **ફાસ્ટેગ** લગાવવી ફરજીયાત છે તથા તેનો ખર્ચ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે.

**Specifications of** Mahindra Bolero Camper or Equivalent (Hydraulic Elevated Platform with FRP Bucket)

| **Description** | **Particulars** |
|---|---|
| **Vehicle Type** | **Mahindra bolero pickup 1.7 CBC BS-VI with cabin chassis or equivalent, 4 wheeler chassis (Jeep Dalu) with required RTO passing** |
| **Platform Working Height** | **9.5 meters** |
| **Basket Floor Height** | **8.0 meters** |
| **Working Outreach** | **3.7 meters** |
| **Slewing range angle** | **360 degree continuous** |
| **Safe loading capacity** | **200 kg** |
| **Basket Size** | **860*760*660 mm (FRP Insulated to 600 V, tested to 2200 V)** |

| | |
|---|---|
| **Basket Other Requirements** | **1. Non slippery flooring**<br>**2. Drain holes for water drainage**<br>**3. Tool box inside the basket**<br>**4. Working Light (Sufficient Capacity)**<br>**5. Emergency Switch at base & basket control**<br>**6. Safety hooks inside the basket**<br>**7. Spot light inside basket**<br>**8. Direct entry into the bucket without any operation of boom.**<br>**Test certificate for Basket(Cage) insulation must be provided.** |
| **Structure** | **Hexagonal Booms from High Tensile Steel MIN YST 700n/mm2** |
| **Stabilizers** | **Powerful Double Acting Hydraulically Operated 04 Nos Stabilizers with wide footprint and independent control at base** |
| **Basket Controls** | **Dual control at base as well as cage with required features** |
| **Boom Stabilizer Interlocks** | **Programmable Logical Controller (PLC) based electronic circuit for safety interlocking** |

કાર્યપાલક ઈજનેર
વિભાગીય કચેરી, સાવરકુંડલા.

**ઉપરોકત શરતો મે વાંચી/સાંભળી છે અનેતે મને કબુલ મંજુર છે.**

કોન્ટ્રાક્ટર ની સહી:_______________

તારીખ:_________________